# Day to Day Current Affairs

24. Feb 2016

## ૧. ગુજરાત સામાન્ય બજેટ 2016-2017 :

- 23 ફેબ્રુઆરી 2016ના રોજ નાણામંત્રી સૌરભ પટેલે ગુજરાતનુ વર્ષ 2016-17નું સામાન્ય બજેટ રજુ કર્યુ
- બજેટનું કદ : 151852 કરોડ રૂ.
- ગત વર્ષ કરતા 13 ટકા બજેટમાં વધારો
- મહેસુલી પુરાત : 3236 કરોડ – પ્રજા પર 195 કરોડનો કરબોજો તેમજ 251 કરોડની કરમાંથી રાહત
- બજેટના મહત્વના અંશો નીચે મુજબ છે

### • મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના:

- રાજ્ય સરકારે ઇન્દુલાલ યાજ્ઞિકની સ્મૃતીમાં આ વર્ષને યુવા વર્ષ જાહેર કરી યુવાનો માટે અનેક આકર્ષક યોજનાઓ જાહેર કરી છે.
- આ યોજના માટે 1000 કરોડની ફાળવણી કરી છે તેમજ 4.5 લાખ આવક મર્યાદા વધારીને 6 લાખ કરાઇ.
- 90 થી ઘટાડી પર્સનટાઇલ 80 કરાયા.
- સરકારમાં 66000 યુવાનોની ભરતી થશે
- બી.પી.એલ. કુટુંબની વિદ્યાર્થીને ખાનગી મેડીકલ કોલેજમાં ફી માં રાહત મળશે.
- 31 નવી કોલેજો બે વર્ષમાં સ્થપાતા તમામ તાલુકામાં કોલેજ બની જશે.
- સુરત અને રાજકોટ માં 6 સ્પોટ્સ એકેડમી બનશે.
- જી આઇ ડી સી માં માત્ર યુવાનો માટે પ્લોટ
- રાજ્યની તમામ 8 મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી કોલેજો અને યુનિવર્સિટીઓમાં વાઇફાઇની સુવિધા આપવામાં આવશે.
- સરકારી નોકરી માટે વર્ગ-3 અને વર્ગ-4 માં ઇન્ટરવ્યુ પ્રથા નાબુદી કરાઇ
- **રાજ્યના દરેક જિલ્લામાં સરકારીનોકરી માટેની સ્પર્ધાત્મક પરિક્ષાની તાલીમ માટે વિશેષ સુવિધા ઉભી કરાશે**

### • સ્માર્ટ વિલેજ યોજના :

- રાજ્ય સરકારે સ્માર્ટ વિલેજ યોજના હેઠળ 185 કરોડની ફાળવણી કરી છે.
- જે મુજબ પ્રથમ વર્ષ સરકાર કમીટી બનાવી 300 ગામોને પસંદ કરી વિકસાવશે
- આ માટે ગામદિઠ મહત્તમ 1 કરોડ રૂપિયા સુધીની સહાય આપાવમાં આવશે.
- સ્માર્ટ વિલેજ માટે પસંદગી પામનાર શહેરને ત્રણ વર્ષ સુધી મદદ પુરી પાડવામાં આવશે.

### • મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :

- 3 વર્ષમાં કુલ 10 હજાર કરોડનું કદ ધરાવતી આ યોજનામાં ગામડાઓને પાકા રોડની કનેકટીવીટી આપવામાં આવશે.
- આ યોજનામાં 18 હજાર જેટલા ગામો અને 16245 જેટલા પરાને પાકા રોડની કનેક્ટીવીટી આપવામાં આવશે.
- પ્રથમ વર્ષે આ યોજના પાછળ 2500 કરોડ રૂપિયા ખર્ચાશે.
- આ યોજનામાં ડેરે રોડ અને શૈક્ષણિક સંસ્થાઓના એપ્રોચ ઉપરાંત પુલો– નાળાઓએ આવરી લેવાશે.

### • ખુશી યોજના :

- ગુજરાતના 48લાખ જેટલા ખેડુતોને સતત અને સારો વીજ પુરવઠો મળતો રે તે માટે રાજ્ય સરકારે ખુશી યોજનાની જાહેરાત કરી.
- આ માટે સરકારે 150 કરોડની ફાળવણી કરી છે.
- તેમજ ગુજરાતના 42 હજાર ગરીબ પરિવારોને મફત વિજ જોડાણ આપવા માટે બજેટમાં 29 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

### • તબિબિ ક્ષેત્ર :

- રાજ્ય સરકારે બજેટમાં ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના તમામ દર્દીઓને સરકારી હોસ્પિટલમાં વિના મુલ્યે દવા આપવાની યોજના રજુ કરી.
- મહિલાઓને ગર્ભાશય અને સ્તન કેન્સર માટે આવકની કોઇ મર્યાદા ધ્યાનમાં લિધા વિના સરકારી સ્પેશિયાલીસ્ટ અને સુપર સ્પેશિયાલીસ્ટ હોસ્પિઅટલમાં વિનામુલ્યે સારવાર અપાશે.
- માતા અને બાળ મૃત્યુદર સુધારવા રાજ્યમાં પ્રથમ અમદાવાદમાં સ્પેશિયાલીસ્ટ મધર એન્ડ ચાઇલ્ડ હોસ્પીટલ શરુ કરાશે.
- 100 નવી 108 એમ્બ્યુલંસ લાવવા માટે 102.75 કરોડની જોગવાઇ.
- વનવિસ્તારના નાગરિકોને સહેલાઇથી અને સમયસર 108 ની સેવાઓ મળી રહે તે માટે વન સંજીવની યોજના માટે રૂ 1 કરોડ ફાળવવામાં આવ્યા

### • કૃષિ :

- ખેડુતોને ખરીફની સિઝનમા રૂ. 3 લાખ સુધીનુ ધિરાણ માત્ર 1 ટકા વ્યાજના દરે અપાશે અને આ માટે 375 કરોડની જોગવાઇ કરી છે.
- કૃષિ સિંચાઇ માટે 14 હજાર કરોડની ફાળવણી કરવામાં આવી.

Vivekanand Academy Gandhinagar

- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત મત્સ્યોદ્યગના આધુનિકીકરણ તથા તેની નિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ1500 કરોડની ફાળવણી
- સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના (સૌની) માટે રૂ 2000 કરોડ
- સિંહ સંરક્ષણ માટે રેલવે લાઇનની બંને બાજુ તારની વાડ બનાવવા રૂ 24 કરોડની જોગવાઇ
- નવતર બાળ ગોકુલમ યોજના અંતર્ગત નિરાધાર બાળકોને એક જ જગ્યાએ સાર સંભાળ, શિક્ષણ,સુરક્ષા, અને સંસ્કાર યુક્ત આશ્રય માટે 12.96 કરોડની જોગવાઇ જે અમદાવાદ,સુરત અને રાજકોટ ખાતે શરૂ થશે
- સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે રૂ1066 કરોડની જોગવાઇ
- કલ્પસર યોજના માટે અભ્યાસો હાથ ધરવા રૂ 102 કરોડ
- રાષ્ટ્રની પ્રથમ ઓર્ગેનિક ફાર્મિંગ યુનિવર્સિટીની સ્થાપના માટે રૂ 10 કરોડ
- રાજ્યમાં 75 નવી નારી અદાલતો માટે રૂ 2.10 કરોડની જોગવાઇ.
- વાયબ્રન્ટ ગુજરાત સમિટ 2017 માટે રૂ 70 કરોડની જોગવાઇ
- અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટ માટે 722 કરોડની જોગાવાઇ
- વિકલાંગ સાધન સહાય યોજના રૂ 6 હજારથી વધારી રૂ 100 હજાર કરાશે.
- પાલક માતા-પિતા સહાય યોજના રૂ 1 હજારથી વધારી રૂ 3000 હજાર પ્રતિમાસ કરાશે.
- શાળામાં ઓબીસી માટે શિષ્યવૃતિ750 કરાઇ
- સાણંદ ખાતે મહિલા ઓદ્યાગીક પાર્ક બનાવાશે
- અંત્યોદય પરિવારોને ઘંઉ પ્રતિ કિલો રૂ 2 ના ભાવથી અને ચોખા રૂ 3 ના ભાવથી અપાશે.
- સ્માર્ટ સિટી તેમજ અમૃત યોજના હેઠળ પસંદગી પમેલા31 શહેરોમાં માળખાકીય સુવિધાઓ માટે 800 કરોડની ફાળવણી
- અમદાવાદ – મુંબઇ બુલેટ ટ્રેન માટે રૂ125 કરોડ
- ફિલ્મ ફેસ્ટિવલ આયોજન માટે રૂ 10 કરોડ
- સરદાર સરોવર યોજના માટે રૂ 9050 કરોડ
- રમત ગમત ક્ષેત્રે 570 કરોડ, જેમા વડોદરા ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીનું નિર્માણ થશે

Vivekanand Academy, Gandhinagar